દિલ્હી-મુંબઈ હાઇવે ફરી રક્તરંજિત

કરજણ નજીક હિટ એન્ડ રનની ઘટનામાં વાપીના 3નાં મોત

પ્રમોદભાઇ પાટીલ

વિશાલભાઇ દેવરે

વંદનાબેન દેવરે

ખાટુ શ્યામના દર્શને જતાં નડ્યો અકસ્માત, ઊભેલી કારને અજાણ્યા વાહને ઉડાવી, ગતરોજ સમિયાલા નજીક અકસ્માતમાં ૪ લોકોનાં મોત થયાં હતાં

(પ્રતિનિધિ), વડોદરા. તા.૮: સ્પીડના શોખીનો માટે બનેલો દિલ્હી-મુંબઇ એક્સપ્રેસવે હવે વાહનચાલકો માટે જાણે 'ડેથ ઝોન' બની રહ્યો છે.

કરજણ નજીકથી પસાર થતા એક્સપ્રેસવે પર વધુ એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે, જેમાં વાપીના એક હસતા-રમતા પરિવારના 3 સભ્યોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

વાપીનો આ પરિવાર રાજસ્થાન સ્થિત ખાટું શ્યામના દર્શન કરવા માટે ભક્તિભાવ સાથે નીકળ્યો હતો, પરંતુ કરજણ પાસે કાળ તેમનો પીછો કરી રહ્યો હતો. પરિવારના જણાવ્યા અનુસાર, તેઓએ પોતાની ગાડી હાઈવેની સાઈડમાં પાર્ક કરી હતી, તે દરમિયાન પૂરપાટ ઝડપે આવેલા એક અજાણ્યા વાહનચાલકે તેમની કારને જોરદાર ટક્કર મારી દીધી હતી અને અકસ્માત સર્જીને વાહન સહિત ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

આ ભયાનક અકસ્માત એટલો જોરદાર હતો કે કારનો કુરચો બોલી ગયો હતો. ગાડીમાં કુલ 9 લોકો સવાર હતા, જેમાંથી બે લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. અકસ્માત થતાં જ હાઇવે પર મરણચીસો ગુંજી ઉઠી હતી.

ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અને 108 ઇમરજન્સીની ટીમ તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. બચાવ કામગીરી શરૂ કરીને તમામ ઇજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ તેમજ પાદરાની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં કેટલાકની હાલત હજુ પણ ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર સુરક્ષા વ્યવસ્થા અને સ્પીડ લિમિટને લઈને હવે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.

આ ઘટનાના બરાબર એક દિવસ અગાઉ જ આ હાઈવે પર સમિયાલા નજીક એક ભયાનક અકસ્માત સર્જાયો હતો, જેમાં 4 લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. ત્યારે માત્ર 24 કલાકની અંદર જ આ બીજા મોટા અકસ્માતે હાઈવે ઓથોરિટી અને પેટ્રોલિંગ વ્યવસ્થાની પોલ ખોલી નાખી છે.

હાઈવે પર સ્પીડ ગન, સીસીટીવી અને પાર્કિંગ એરિયાના નિયમોનું કડક પાલન થાય તે જરૂરી બન્યું છે. કરજણ પોલીસે હાલ અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

સંઘપ્રદેશના દાદરા ગામમાં યુવકની ઘરમાં ઘૂસી ક્રૂર હત્યા

મોડી રાત્રે અજાણ્યા શખ્સોએ તીક્ષ્ણ હથિયારના અનેક ઘા ઝીંક્યા

વાપી: દાદરાના દેમણી રોડ સ્થિત સ્કૂલ ફળિયા વિસ્તારમાં રવિવારે મોડી રાત્રે એક સનસનાટીભરી હત્યાની ઘટના સામે આવી છે. કોઈ અજાણ્યા હુમલાખોરોએ ઘરમાં ઘૂસીને એક ટેમ્પોચાલકની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ક્રૂર હત્યા કરી દીધી છે. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે, જ્યારે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, સ્કૂલ ફળિયાના રહેવાસી અને વ્યવસાયે ટેમ્પોચાલક ૩૫ વર્ષીય પ્રિતેશ પટેલ પોતાના ઘરે હાજર હતા. તે દરમિયાન ૭ જૂનની મધ્યરાત્રિએ કેટલાક અજાણ્યા શખ્સો તેમના ઘરમાં ઘૂસી આવ્યા હતા અને તેમના પર જીવલેણ હુમલો કરી દીધો હતો. હુમલાખોરોએ તીક્ષ્ણ હથિયાર વડે પ્રિતેશ પટેલ પર ઉપરાછાપરી અનેક વાર કર્યા હતા, જેના કારણે તેમનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ દાદરા આઉટપોસ્ટ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને તપાસ હાથ ધરી છે. પોલીસે મૃતદેહને કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો છે. આ હત્યા પાછળનું કારણ શું હતું અને હુમલાખોરો કોણ હતા, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ ચકચારી હત્યાકાંડને પગલે સમગ્ર પંથકમાં ભારે સનસનાટી મચી ગઈ છે.

ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર મિશન સંચાલિત

રાજ ઉપહાર મહિલા ઉદ્યોગ કર્મચારી વિવાદ ઉકેલાયો

માજી સાંસદની હાજરીમાં યોજાયેલી બેઠક બાદ તમામ મહિલા કર્મચારી ફરજ ઉપર જોડાઇ

વલસાડ: વલસાડ જિલ્લાના ધરમપુર સ્થિત શ્રીમદ રાજચંદ્ર મિશન દ્વારા સંચાલિત સર્વ મંગલ સેન્ટર ઓફ એક્સિલન્સ રાજ ઉપહાર મહિલા ઉદ્યોગમાં કામ કરતી આશરે 70થી વધુ મહિલા કર્મચારીઓ પગાર, પી.એફ.સહિતના મુદ્દે હડતાળ ઉપર ઉતરી હતી. જોકે સોમવારે કંપની અને મહિલા કર્મચારીઓ વચ્ચેની બેઠકમાં તમામ પ્રશ્નોનું સુખદ નિરાકરણ આવતા લેબર કોર્ટમાં જનારી 6 મહિલા કર્મચારીને બાદ કરતાં તમામ કર્મચારીઓ આજે તેમના ફરજ સ્થળે હાજર થઈ ગઈ હતી. જેને લઈ દિવસોથી તાલુકામાં ચર્ચામાં રહેલા મુદ્દાનો અંત આવ્યો છે.

સમગ્ર મુદ્દે શ્રીમદ રાજચંદ્ર મિશનના મહેશભાઈ ખોખાણીએ જણાવ્યું કે માજી સાંસદ કિશન પટેલની ઉપસ્થિતિમાં હડતાળ ઉપર જનારી તમામ મહિલા કર્મચારીઓ અને મિશનના હોદેદારો વચ્ચે સંપૂર્ણ પારદર્શિતા પૂર્વક બેઠક યોજાઈ હતી, જેમાં મહિલાઓએ પી.એફ, પગાર સહિતના વિવિધ મુદ્દાઓ રજૂ કર્યા જેનો ટેકનિકલ સહિતના મુદ્દે સમજણ બાદ સુખદ નિરાકરણ આવ્યું હતું, જેને લઈ તમામ મહિલા કર્મચારીઓ પરત ઉપર જોડાઈ ગઈ હતી. લેબર કોર્ટમાં ગયેલી 6 મહિલા કર્મચારીઓને બાદ કરતા તમામ મહિલા કર્મચારીઓ ફરજ ઉપર પરત ફરી હતી. માજી સાંસદ કિશનપટેલે જણાવ્યું કે સોમવારે તમામ પ્રશ્નોનું સુખદ નિરાકરણ આવતા મહિલાઓ ફરજ ઉપર આવી ગઈ હતી.

વાપી મનપામાં રૂ.4 કરોડનો મિલકત વેરો ભરાઈ ગયો

એક સપ્તાહમાં રિબેટ યોજનાને સારો પ્રતિસાદ મળ્યો

વાપી: વાપી મહાનગરપાલિકા વિસ્તારના મિલકતધારકો જૂન માસની પ્રોપર્ટી ટેક્સ રીબેટ યોજનાનો ઉત્સાહથી મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે. પ્રથમ સપ્તાહમાં ૧૦ હજાર જેટલા મિલકતધારકોએ રૂ.૪.૦૪ કરોડનો વેરો ભર્યો છે. વાપી મહાનગરપાલિકા દ્વારા મિલકતધારકોના વેરામાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી અને ગત વર્ષ કરતાં ઓનલાઈન વેરો ભરવામાં ૧% વળતર વધુ હોવાથી પ્રથમ દિવસે રૂ.૮૭.૬૬ લાખનો વેરો જમા થયો હતો. વાપી મનપા દ્વારા આ વર્ષે જૂન માસમાં પ્રોપર્ટી ટેક્સમાં ૫% રિબેટ અને વેબસાઈટથી ઓનલાઈન ભરવાથી વધુ ૧% મળી શિક્ષણ ઉપકર સિવાયની રકમ પર કુલ ૬% રીબેટની યોજના અમલમાં હોવાથી એક સપ્તાહમાં ૯૯૪૪ મિલકતધારકોએ રૂ.૪.૦૪ કરોડનો વેરો જમા કરાવી રૂ.૧૯.૫૯ લાખનું રિબેટ મેળવ્યું હતું. પ્રથમ સપ્તાહમાં ૪૮% મિલકત ધારકોએ વેબસાઈટથી ઓનલાઈન વેરો ભર્યો હતો. જુલાઈ માસથી માત્ર વેબસાઈટથી ઓનલાઈન વેરો ભરનારને ૧% રિબેટ આપવામાં આવશે.

પારડી સાંઢપોરમાં 7 વર્ષની બાળકી સાથે પરિણીત યુવાનનાં અડપલાં

વલસાડ: પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, વલસાડના પારડી વિસ્તારમાં રહેતો અજીત દત્તુભાઈ ગાયકવાડ તેના જ વિસ્તારની એક 7 વર્ષની બાળકીને છેતરીને પોતાની ઘરે લઇ ગયો હતો. ત્યારબાદ તેણે મોબાઇલ પર તેણીને બિભત્સ વિડિયો બતાવી અડપલાં કર્યા હતાં. ગભરાયેલી બાળકી ત્યાંથી ભાગી અને પોતાની બહેનને આપવીતી કહી હતી. ત્યારબાદ તેની બહેને આ અંગે માતાને જાણ કરતાં માતાએ પોલીસને જાણ કરી હતી. પોલીસે અજીત ગાયકવાડ વિરુદ્ધ પોક્સો હેઠળ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

વાંસદા તાલુકા ક્રિકેટ પ્રીમિયર લિગ ટુર્નામેન્ટમાં મહાદેવ ઇલેવન ટીમ ચેમ્પિયન

નિલેશ કાપડિયા

વાંસદા: ક્રિકેટના ઉત્સાહ અને ઉમંગ વચ્ચે વાંસદાના ગાંધી મેદાન ખાતે વાંસદા તાલુકાના ઓક્શન ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ ૮ ટીમે ભાગ લીધો હતો. ટુર્નામેન્ટમાં ફાઇનલ મેચ મહાદેવ ઇલેવન અને બાપુ ઈલેવન વચ્ચે રમાઈ હતી. જેમાં મહાદેવ ઇલેવન ચાપલધરા ટીમની જીત થઇ હતી. ટુર્નામેન્ટમાં મેન ઓફ ધી મેચ શનિ છત્રીવાલા, બેસ્ટ બેસ્ટમેન અને મેન ઓફ ધી સિરીઝ શાહરૂખ સોડાવાળા, બેસ્ટ બોલર દ્વિજ પટેલ, બેસ્ટ ફિલ્ડરનો ખિતાબ જગતને મળ્યો હતો. આ ટુર્નામેન્ટમાં મુખ્ય મહેમાન રાકેશ શર્મા દ્વારા ચેમ્પિયન ટીમને ટ્રોફી પોતાના હસ્તે આપી હતી. આ પ્રસંગે નટુભાઇ પંચાલ, યશપાલસિંહ, શિવેન્દ્રસિંહ, વિરલભાઇ વ્યાસ, મહેશ કુર્મી, રાજુ મોહિતે, હનીફ સોડાવાળા તથા વાંસદા તાલુકા સભ્ય પંકજભાઈ અને ધર્મેશભાઈ ઉપસ્થિત રહ્યાં હતા.

સોનવાડી ગામનાં ડો. જેરૂલ હળપતિ રાષ્ટ્રપતિના વિશેષ પરિસંવાદમાં જોડાયાં

કેરસી બારીયા

બીલીમોરા: ગણદેવીનાં સોનવાડી ગામના વતની હાલમાં આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે મદદનીશ પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા ડો. જેરૂલ હળપતિને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે યોજાયેલા વિશેષ પરિસંવાદમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત જન-જાતિય ગૌરવ ઉત્સવ અંતર્ગત આ પરિસંવાદ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ આદિવાસી સ્વતંત્રતા સેનાનીઓના યોગદાનને સન્માનિત કરવાનો તેમજ રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં જનજાતિ સમુદાયોની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો હતો. પરિસંવાદ દરમ્યાન રાષ્ટ્રપતિએ વિદ્યાર્થીઓનાં શૈક્ષણિક પ્રયાસો સંશોધન કાર્ય અને સામાજીક પ્રતિબદ્ધતાની પ્રસંશા કરી હતી. ડો.જેરૂલ હળપતિ માટે આ સિદ્ધિ માત્ર વ્યક્તિગત સન્માન જ નથી પરંતુ સમગ્ર ગુજરાતના અનુસુચિત જનજાતિ સમુદાયના પી.એચ.ડી માટે ગૌરવ અને પ્રેરણાનો વિષય બને છે.

મોબાઈલ હેક કરી ક્રેડિટ કાર્ડ લઈ 2 લાખ વાપરી નાંખ્યા

વલસાડના યુવકથી ભૂલમાં આરટીઓ ચલણની એપ્લિકેશન ડાઉનલોડ થઈ જતાં ફોન હેક થયો

વલસાડ: સાઈબર ઠગો દ્વારા વિવિધ નામે હેકિંગ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી ઠગાઈ થતી હોવાના કિસ્સાઓ બહાર આવતા હોય છે. ત્યારે વલસાડમાં આરટીઓ ચલણની એપ્લિકેશન થકી એક વ્યક્તિ સાથે રૂ. 2 લાખની ઠગાઈનો કિસ્સો બહાર આવ્યો છે. જેમાં તેનો મોબાઇલ હેક કરી તેના નામે વિવિધ ક્રેડિટ કાર્ડ પણ ઈસ્યુ કરાવ્યા હોવાની ઘટના બની છે.

વલસાડના સફી સૈયદે પોલીસ મથકે કરેલી ફરિયાદમાં જણાવ્યું કે, તેનાથી ભૂલથી આરટીઓ ચલણની એપ્લિકેશન ડાઉનલોડ થઇ ગઇ હતી.

ત્યારબાદ તેનો મોબાઇલ હેક થઇ ગયો અને તેના પરથી તેના ક્રેડિટ કાર્ડ અને બેંક સાથે લિન્ક મોબાઇલ નંબર બદલી કઢાયો હતો. ત્યારબાદ સાઈબર ઠગે તેના ક્રેડિટ કાર્ડમાંથી રૂ. 50 હજારની લિમિટ સુધીનો ખર્ચો કરી નાંખ્યો હતો. ત્યારબાદ તેમણે તેના નામે નવા ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કરાવી તેમાંથી કુલ રૂ. 1.5 લાખ જેટલો ખર્ચ કરી તેની સાથે અંદાજિત રૂ.2 લાખની ઠગાઈ કરી હતી. આ સંદર્ભે તેણે વલસાડ સિટી પોલીસ મથકે અને સાઈબર ક્રાઈમમાં ફરિયાદ કરી છે.

यूनियन बैंक ऑफ इंडिया | Union Bank of India
भारत सरकार का उपक्रम | A Government of India Undertaking

એસેટ્સ રિકવરી બ્રાન્ચ:
21, વીણા ચેમ્બર્સ, મેઝેનાઇન ફ્લોર, દલાલ સ્ટ્રીટ, બોમ્બે સ્ટોક એક્સચેન્જ પાસે, ફોર્ટ, મુંબઈ - 400001.

ઈ-હરાજી વેચાણ નોટિસ (સરફેસી એક્ટ હેઠળ)

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002ના નિયમ 8 (6)/નિયમ 9 (1)ની જોગવાઈઓ સાથે વંચાણે લેતા સ્થાવર મિલકતોના વેચાણ માટેની 15 દિવસની ઈ-હરાજી વેચાણ નોટિસ.
આથી સામાન્ય જનતા અને ખાસ કરીને દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ) ને નોટિસ આપવામાં આવે છે કે સિક્યોર્ડ ક્રેડિટર પાસે ગીરો/ચાર્જ કરેલી નીચે મુજબની સ્થાવર મિલકત, જેનો કબજો યુનિયન બેંક ઓફ ઈન્ડિયા (સિક્યોર્ડ ક્રેડિટર)ના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ", "જે કંઈ પણ છે" અને "કોઈ આશરા વિના"ના આધારે તારીખ 24.06.2026ના રોજ બપોરે 12.00 થી સાંજના 5.00 વાગ્યા દરમિયાન કરવામાં આવશે. આ વેચાણ નીચે દર્શાવેલ સંબંધિત દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ) પાસેથી યુનિયન બેંક ઓફ ઈન્ડિયા (સિક્યોર્ડ ક્રેડિટર)ને લેણી નીકળતી સંબંધિત રકમની વસૂલાત માટે કરવામાં આવી રહ્યું છે. અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) નીચે મુજબ રહેશે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને યુનિયન બેંક ઓફ ઈન્ડિયા (સિક્યોર્ડ ક્રેડિટર)ની વેબસાઈટ એટલે કે www.unionbankofindia.bank.in પર આપેલી લિંકનો સંદર્ભ લો. બિડર https://baanknet.com વેબસાઈટની પણ મુલાકાત લઈ શકે છે. નીચે દર્શાવેલી મિલકતો સંબંધિત દેવાદારોના ખાતામાં લેણી રકમ વત્તા વ્યાજ અને અન્ય ખર્ચની વસૂલાત માટે તારીખ 24.06.2026ના રોજ https://baanknet.com વેબસાઈટ દ્વારા ઓનલાઈન ઈ-હરાજીથી વેચવામાં આવશે.

https://baanknet.com વેબસાઈટ દ્વારા ઓનલાઈન ઈ-હરાજી
હરાજીની તારીખ અને સમય: 24.06.2026 ના રોજ બપોરે 12.00 વાગ્યાથી સાંજના 05.00 વાગ્યા સુધી.

લોટ નં.	a) દેવાદારનું નામ b) શાખાનું નામ c) મિલકતનું વર્ણન d) માલિક/માલિકોનું નામ	a) અનામત કિંમત (રૂપિયામાં) b) અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) c) બિડ વધારાની રકમ	લેણું દેવું, સંપર્ક વ્યક્તિ અને મોબાઈલ નં.	બોજો / કબજો: સાંકેતિક / પ્રત્યક્ષ	મુકદમો
1	a) મેસર્સ ગોદાવરી ઈમ્પેક્સ b) એસેટ રિકવરી બ્રાન્ચ c) લોટ 1: 1) ઉમરગામ પાવર હાઉસની સામે હરિ રેસિડેન્સી A વિંગ તરીકે ઓળખાતી ઈમારતના પ્રથમ માળે આવેલી દુકાન નં. 113, ક્ષેત્રફળ 249 ચો.ફૂટ. બિન-ખેતી (N.A) જમીન સર્વે નં. 278/પૈકી 1, કુલ ક્ષેત્રફળ 9105 ચો.મીટર પર બનેલ, જે પ્રોમલ્ગેશન પછી વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ઉમરગામ ગામના નવા સર્વે નં. 3105 માં પરિવર્તિત થયેલ છે. લોટ 2: 2) ગુજરાત રાજ્યના વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સોલસુંબિયા ગામની જમીનમાં 10 ચો.મીટર અવિભાજિત હિસ્સા સાથે, સર્વે નં. 166/પૈકી અને પ્રોમલ્ગેશન પછી નવા ગામ એસી 1442માં નવા સર્વે નં. 1674, ક્ષેત્રફળ 810 ચો.મીટર પર બનેલ રઘુવીર કૃપા તરીકે ઓળખાતી ઇમારતના બીજા માળે આવેલ રહેણાંક ફ્લેટ નં. 207, સુપર બિલ્ટ અપ એરિયા 1050 ચો.ફૂટ (97.58 ચો.મીટર) ની તમામ સામગ્રી અને હિસ્સો. d) શ્રી શંકર રજકાંત ઝા	Lot 1: a) Rs. 11,43,000.00/- b) Rs. 1,14,300.00/- c) Rs. 11,500/- Lot2: a) Rs. 14,47,000/- b) Rs. 1,44,700/- c) Rs. 14,500/-	રૂ. 74,73,611.62 (રૂપિયા ચુંમોતેર લાખ તોતેર હજાર છસો અગિયાર અને બાસઠ પૈસા માત્ર) તારીખ 31.12.2025ના રોજ, વત્તા તારીખ 01.01.2026થી લાગુ પડતા વ્યાજના દરે આગળનું વ્યાજ, આજ સુધીનો ખર્ચ અને ચાર્જિસ. શ્રી રાજેશ કુમાર: 8088980811 શ્રી મુકેશ કુમાર: 9770551993	અધિકૃત અધિકારીને ખબર નથી સાંકેતિક કબજો	સિક્યોર્ડ ક્રેડિટરને કોઈ જાણકારી નથી
2	a) મેસર્સ દીર્ઘ ડાયમંડ પ્રાઇવેટ લિમિટેડ b) એસેટ રિકવરી બ્રાન્ચ c) મોજે: ઉત્રાણ; શહેર: સુરત; તાલુકો: સિટી; જિલ્લો: સુરતની ફાઈનલ પ્લોટ નં. 24; ટી.પી. સ્કીમ નં. 27 (ઉત્રાણ-ઉત્રાણ); બ્લોક નં. 120; રેવન્યુ સર્વે નં. 194/2/3A વાળી જમીન પર બનેલ 'માર્વેલ લક્ઝુરિયા', અર્થ રેસિડેન્સીની બાજુમાં, શાલિગ્રામ સ્ટેટસની સામે, બિલ્ડિંગ નં. 'B' ના પ્રથમ માળે આવેલ ફ્લેટ નં. 101, જેનું બિલ્ટ અપ ક્ષેત્રફળ 141.47 ચો.મીટર છે, તેની નીચેની જમીનમાં પ્રમાણસર અવિભાજિત હિસ્સા સાથે. d) શ્રી અલ્પેશ કેશવભાઈ બાંભરોલીયા	a) ₹ 1,10,00,000.00 b) ₹ 11,00,000.00 c) ₹ 1,00,000.00	રૂ. 26,70,88,811.53 (રૂપિયા છવ્વીસ કરોડ સિત્તેર લાખ અઠ્યાસી હજાર આઠસો અગિયાર અને ત્રેપન પૈસા માત્ર) તારીખ 31.12.2025ના રોજ, વત્તા તારીખ 01.01.2026થી લાગુ પડતા વ્યાજના દરે આગળનું વ્યાજ, આજ સુધીનો ખર્ચ અને કાનૂની તથા અન્ય ખર્ચ સિવાય. શ્રી કિશોર ચંદ્ર કુમાર: 7992466930	AO (અધિકૃત અધિકારી) ને ખબર નથી. સાંકેતિક કબજો. CJMનો કબજો મેળવવાનો ઓર્ડર અમલ થવાનો બાકી છે.	સિક્યોરિટાઈઝેશન એપ્લિકેશન નં. 141/2025 DRT-2 મુંબઈ સમક્ષ પેન્ડિંગ છે.
3	a) મેસર્સ દીર્ઘ ડાયમંડ પ્રાઇવેટ લિમિટેડ b) એસેટ રિકવરી બ્રાન્ચ c) મોજે: ઉત્રાણ; શહેર: સુરત; તાલુકો: સિટી; જિલ્લો: સુરતની ફાઈનલ પ્લોટ નં. 24; ટી.પી. સ્કીમ નં. 27 (ઉત્રાણ-ઉત્રાણ); બ્લોક નં. 120; રેવન્યુ સર્વે નં. 194/2/3A વાળી જમીન પર બનેલ 'માર્વેલ લક્ઝુરિયા', અર્થ રેસિડેન્સીની બાજુમાં, શાલિગ્રામ સ્ટેટસની સામે, બિલ્ડિંગ નં. 'B' ના પ્રથમ માળે આવેલ ફ્લેટ નં. 103, જેનું બિલ્ટ અપ ક્ષેત્રફળ 141.27 ચો.મીટર છે, તેની નીચેની જમીનમાં પ્રમાણસર અવિભાજિત હિસ્સા સાથે. d) શ્રી લક્ષ્મીદાસ બાલુભાઈ વેકરીયા	a) ₹ 1,10,00,000.00 b) ₹ 11,00,000.00 c) ₹ 1,00,000.00			
4	a) મેસર્સ દીર્ઘ ડાયમંડ પ્રાઇવેટ લિમિટેડ b) એસેટ રિકવરી બ્રાન્ચ c) મોજે; ગામ; વલણ (Valan); તાલુકો; કામરેજ; જિલ્લો; સુરતના ખાતા નં. 566; જૂનો બ્લોક નં. 7; રેવન્યુ સર્વે નં. 6 ની ફાર્મ હાઉસની જમીન ધરાવતો તમામ ભાગ અને હિસ્સો: (1) રી-સર્વે બ્લોક નં. 195 જેનું ક્ષેત્રફળ હેક્ટર 0-01-30 ચો.મીટર અને (2) રી-સર્વે બ્લોક નં. 195 જેનું ક્ષેત્રફળ હેક્ટર 0-21-38 ચો.મીટર. d) શ્રી નવનીતભાઈ વજુભાઈ સુહાગીયા	a) ₹ 2,25,00,000.00 b) ₹ 22,50,000.00 c) ₹ 1,00,000.00			

બિડર્સને વિનંતી છે કે તેઓ ઈ-હરાજીમાં ભાગ લેવા માટે પોતાની બિડ સબમિટ કરતા પહેલાં ઈ-હરાજીની વિગતવાર શરતો અને નિયમો તથા અન્ય વિગતો માટે બેંકની વેબસાઈટ www.unionbankofindia.bank.inની મુલાકાત લે. બિડર https://baanknet.com પોર્ટલ વેબસાઈટની પણ મુલાકાત લઈ શકે છે.
ઓનલાઈન હરાજીમાં ભાગ લેવા માટે ઈચ્છુક બિડર્સ પાસે માન્ય ઈ-મેલ આઈડી (e-mail ID) હોવું આવશ્યક છે. વેચાણની શરતો અને નિયમો સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ની જોગવાઈઓ મુજબ જ રહેશે.
સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 (6)/નિયમ 9(1) હેઠળ વૈધાનિક 15 દિવસની વેચાણ નોટિસ
આ નોટિસને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 (6)/નિયમ 9(1) હેઠળ સંબંધિત લોનના દેવાદારો અને જામીનદારો માટે ઉપરોક્ત દર્શાવેલ તારીખે ઈ-હરાજી વેચાણના આયોજન અંગેની નોટિસ પણ ગણવામાં આવે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને આપેલ લિંક એટલે કે www.unionbankofindia.bank.in અથવા https://baanknet.comનો સંદર્ભ લો.

તારીખ: 09.06.2026
સ્થળ: મુંબઈ
સહી/-
અધિકૃત અધિકારી,
યુનિયન બેંક ઓફ ઈન્ડિયા

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

ઘરબેઠા TV, LCD
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક-પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

લાઈફ હિંચકાના કડાં
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

ઘરબેઠા રીપેરીંગ
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile: 9825859049, 7859985601

નોકરી વિષયક

પટાવાળા જોઈએ છે
સી.એ. ઓફિસ માટે એસએસસી પાસ/ નાપાસ પટાવાળા જોઈએ છે. મળો જશવંત પટેલ એલ-૧૦, જલદર્શન ટાવર બહુમાળીની બાજુમાં નાનપુરા- સુરત (141)

જોઈએ છે
યાર્ન ફેક્ટરીમાં પેકિંગ કામકાજ માટે માણસ ઉધના- મગદલ્લા રોડ, સુરત. મો. ૯૯૨૪૦૪૦૦૮૮

બેન્કના વ્હીકલ
લોનના કામકાજ માટે છોકરા/ છોકરી જોઈએ છે લાયકાત- ૧૦ પાસ સેલરી + ઈન્સેન્ટિવ સંપર્ક:- ૮૩૧૯૨૨૬૪૪૩ (147)

ભાગળ હોઝીયરીની
જથ્થાબંધ દુકાનના કામકાજ માટે સ્ટાફ જોઈએ છે, 9825451232

Required Staff
for English Medium School All subjects Teachers (Science/ Commerce) Supervisor and Vice Principal Contact M: 9725040581 /9998210581 (146)

મિલ્કત વેચવાની છે

253 વારનો
ઓપન પ્લોટ વેચવાનો છે.સંજય સોસાયટી,સોમનાથ મહાદેવ મંદિર પાસે,સરગમ શોપિંગ સેન્ટરની પાછળ, પાર્લેપોઈન્ટ, સૂરત. 9898372704.

વેચાણથી
ચોકબજારમાં ઓફિસ, ગોપીપુરામા દુકાન, નાનપુરામાં ફ્લેટ, પરસોલીમાં પ્લોટ. મોબાઈલ. 9825821151

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

(સાગર- 9427113317)
18- જુનમાં (એસી સ્લીપિંગમાં) ગોવામાં ત્રણ નાઈટ, શનિ, રવિ દમણ સાપુતારામાં નાઈટ,

બાબા અમરનાથ,
વૈષ્ણવદેવી, હરિદ્વાર, ગોકુળ, મથુરા, રણુજા અમૃતસર, ખાટુશ્યામ વગેરે દિવસ ૧૫. તા. ૧૪ જુલાઈ. જયેશભટ્ટ 9909888622

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.